



Kalupur Bank

The Kalupur Commercial Co-op. Bank Ltd.

SINCE : 1970

Multi State Scheduled Bank

# માર્ગદર્શિકા
# કાલુપુર બેંક મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન


# Mobile Banking User Guide

( Version 1.1.9 )

*Information Technology Department*

| ક્રમ નં. | વિગત | પેજ નં. |
|---|---|---|
| 1 | એપ્લિકેશન ડાઉનલોડ અને ઈન્સ્ટોલેશન | 2 |
| 2 | મોબાઈલ બેંકિંગ રજીસ્ટ્રેશન | 3 |
| 3 | એકાઉન્ટ્સ ની માહિતી (Savings, Current, Over Draft, Term Deposit, Loan Account Information) | 9 |
| 4 | માન્ય મોડ ઓફ ઓપરેશન (Mode of Operation Allowed in Mobile Banking) | 11 |
| 5 | લાભાર્થી ની માહિતી (Add, View/Modify Beneficiary Details) | 12 |
| 6 | ફંડ ટ્રાન્સફર (Within/Other Bank Fund Transfer Transaction) | 14 |
| 7 | અસબા-ASBA Service (Apply For IPO/View Applied IPOs) | 19 |
| 8 | સર્વિસીસ (Branch/ATM Locator, Chequebook Request, ATM Card Block, ATM Card Limit/ Channel Setting Services) | 20 |
| 9 | સ્માર્ટ સ્ટેટમેન્ટ (Smart Statement) | 26 |
| 10 | Settings | 27 |
| 11 | Scan & Pay | 29 |
| 12 | શું કરવું, શું ન કરવું (Do's and Don'ts) | 30 |
| 13 | સંપર્ક (Contact us) | 32 |

# એપ્લિકેશન ઈન્સ્ટોલેશન





**કાલુપુર બેંકના કસ્ટમર્સ કાલુપુર બેંકની મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન એન્ડ્રોઈડ અથવા એપલ (I-Phone) ફોન પર ઉપયોગ કરી શકે છે.**


મોબાઈલ એપ્લિકેશન ઉપયોગ કરવા માટે તમારા એકાઉન્ટ અને કસ્ટમર લેવલ પર મોબાઈલ નંબર તથા **Email ID** રજીસ્ટર હોવો જરૂરી છે. આ ઉપરાંત **KYC** અપડેટ હોવા જરૂરી છે.


એપ્લિકેશન ઉપયોગ કરવા માટે તમારા એન્ડ્રોઈડ ફોનના પ્લેસ્ટોરમાં જઈ, ત્યાં કાલુપુર બેંક શોધો. જો તમે એપલ ફોન વાપરતા હો તો એપલ એપ સ્ટોરમાં જાવ ત્યાં **'કાલુપુર બેંક'** શોધો.

ગૂગલ પ્લે સ્ટોર અથવા એપ્પલ એપ સ્ટોર માં જઈ **કાલુપુર મોબાઈલ બેંકિંગ** સર્ચ કર્યા બાદ બેંક ની એપ્લિકેશન જોવા મળશે. ત્યારબાદ એપ્લિકેશન પર ઈન્સ્ટોલ બટન પર ક્લિક કરવાથી એપ્લિકેશન ઈન્સ્ટોલ થશે. ઈન્સ્ટોલ થયા બાદ બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ, એપ્લિકેશન ઓપન કરો, જરૂરી બધીજ પરમીશન એલાઉ કરો. એપ્લિકેશન ને સારી રીતે કાર્ય કરવા માટે તમારે એપ્લિકેશન દ્વારા પૂછવામાં આવતી બધી જ પરમિશન ને ફરજિયાતપણે એક્સેસ આપવો પડશે.

# મોબાઈલ બેંકિંગ રજીસ્ટ્રેશન





એપ્લીકેશન પર ક્લીક કરી એપ્લિકેશન ઓપન કરો. આપેલ સ્ક્રિનશોટ મુજબ ગુજરાતી / અંગ્રેજી ભાષા પસંદ કરો. ભાષા પસંદ કરી સબમિટ બટન પર ક્લિક કરો. ત્યારબાદ આપેલ શરતો સંમત કરો, ત્યારબાદ સબમિટ બટન પર ક્લિક કરો.


તમારો એકાઉન્ટ નંબર એન્ટર કરો, સબમિટ બટન પર ક્લિક કરો. ત્યારબાદ તમારી સામે એકાઉન્ટ સાથે જોડાયેલા ખાતા ધારકો નું લિસ્ટ આવશે. તમારું નામ સિલેક્ટ કરો.(જો તમારું કોર્પોરેટ એકાઉન્ટ હોય તો તમે કોર્પોરેટનું નામ પણ સિલેક્ટ કરી શકો છો.) મોબાઈલ નંબર વેરીફાય કરવા માટે આપણા મોબાઈલ માંથી નોર્મલ ટેક્સ્ટ મેસેજ એપ્લિકેશન દ્વારા જનરેટ કરવામાં આવશે.

❑ **નોંધ :**


**જે કસ્ટમરનું રિટેલ ખાતું હોય તે કસ્ટમરે રિટેલ એકાઉન્ટ નંબર એન્ટર કરવો.**


**જે કસ્ટમરના રિટેલ અને કોર્પોરેટ બંને ખાતા હોય તે કસ્ટમરે રજીસ્ટ્રેશન દરમ્યાન કોર્પોરેટ એકાઉન્ટ નંબર એન્ટર કરવો. ત્યારબાદ વ્યક્તિગત (Individual) નામનો કસ્ટમર આઈડી સિલેક્ટ કરવો.**









આપના મોબાઈલ ની ડિફોલ્ટ મેસેજ એપ્લિકેશન સિલેક્ટ કરવાની રહેશે. મેસેજ એપ્લિકેશન સિલેક્ટ કર્યા બાદ મેસેજ બોક્સ માં એન્ક્રિપ્ટેડ મેસેજ (**Encrypted SMS**) જનરેટ થશે, આ મેસેજ ને સેન્ડ બટન પર ક્લિક કરી સેન્ડ કરવાનો રહેશે. આપના મોબાઈલ માં જો **True Caller** જેવી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરેલ હશે તો સદર એપ્લિકેશન માંથી મોકલવામાં આવેલ મેસેજ (**SMS**) માન્ય ગણાશે નહિ, માટે આપના મોબાઈલ ની જ મેસેજ (**SMS**) એપ્લિકેશન મેસેજ (**SMS**) મોકલવામાં માટે સિલેક્ટ કરવાની રહેશે. મેસેજ મોકલતા પેહલા, આપના મોબાઈલ ફોન માં મેસેજ મોકલવામાટે પર્યાપ્ત બેલેન્સ છે કે નહિ તેની ખાતરી કરી લેવી. જો **SMS** મોકલવા મટે બેલેન્સ હશે નહિ તો મેસેજ બેંક સુધી પહોંચશે નહિ માટે બેલેન્સ ના હોય તો પૂરતું રિચાર્જ કરવાનું રહેશે ત્યારબાદ જ મોબાઈલ બેંકિંગ રેજીસ્ટ્રેશન કરી શકશો.















તમે સિલેક્ટ કરેલા નામ સાથે જે મોબાઈલ નંબર રજીસ્ટર હશે તેની પર **OTP** (વન ટાઈમ પાસવર્ડ) **SMS** થી મોકલવામાં આવશે. ત્યારબાદ મોબાઈલ ફોન માં આવેલ **OTP** એન્ટર કરો. **OTP** એન્ટર કર્યા બાદ સબમિટ બટન ક્લિક કરવાનું રહેશે. **OTP** સબમિટ કર્યા બાદ **KYC** વેરિફિકેશન કરવાનું રહેશે. **KYC** વેરિફિકેશન કરવા માટે આપેલ ડોક્યુમેન્ટ લિસ્ટ માંથી આપને ખાતું ખોલાવતી વખતે બેંક ને આપેલ ડોક્યુમેન્ટ સિલેક્ટ કરવાનું રહેશે.


બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ આપને **PAN, Driving License, Aadhar Card, Voter ID Card** અથવા **Passport** પૈકી કોઈ પણ એક ડોક્યુમેન્ટ સિલેક્ટ કરવાનું રહેશે ત્યારબાદ જે ડોક્યુમેન્ટ સિલેક્ટ કરેલ હશે તેનો ડોક્યુમેન્ટ નંબર એન્ટર કરી ને વેરીફાય બટન પર ક્લિક ખાવાનું રહેશે.


વેરીફાય ક્લિક કર્યા બાદ એપ્લિકેશન દ્વારા તેને ડેટા જોડે ચકાસમાં આવશે અને જો વેરીફાય સક્સેસફુલ થઈ જશે તો બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ વેરીફાય સક્સેસફુલી નો સ્ક્રિન પર મેસેજ ડિસ્પ્લે થશે.
















**KYC** ડોક્યુમેન્ટ વેરીફાય થયા પછી, ઉપર આપેલ સ્ક્રીનશૉટ્સ મુજબ **Login PIN** અને **Transaction PIN** સેટ કરવાના રહેશે. ત્યારબાદ સિક્યુરિટી પ્રશ્નો **(Security Questions)** ના જવાબ સેટ કરવાં રહેશે. આ સિક્યુરિટી પ્રશ્નો **(Security Questions)** ના જવાબ તમારે પાસવર્ડ એટલેકે **Login PIN** અને **Transaction PIN** જયારે રીસેટ કરવો હશે ત્યારે સબમિટ કરવાના રહેશે.


રજીસ્ટ્રેશન થયા બાદ એપ્લિકેશન ઓપન કરી ને લોગીન પિન એન્ટર કર્યા પછી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ **Dashboard** જોવા મળશે. સદર **Dashboard** માં **Account, Transaction, Beneficiary, ASBA, Scan & Pay, Services, Smart Statement, Settings** અને **Contact Us** બટન જોવા મળશે.







એકાઉન્ટ **(Account)** પર ક્લિક કર્યા બાદ આપના કસ્ટમર આઈડી **(CIF)** સાથે જોડાયેલા તમામ ખાતાઓ નું લિસ્ટ જોવા મળશે. ઉપર આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ જે-તે ખાતું સિલેક્ટ કરવાથી તે ખાતા ના નાણાકીય વ્યવહારો **(Transaction History)** ની માહિતી તથા તે ખાતા નું ડિટેઈલ સ્ટેટમેન્ટ **(Detailed Statement)** જોવા મળશે.


# માન્ય મોબાઈલ બેંકિંગ મોડ ઓફ ઓપરેશન


મોબાઈલ બેંકિંગ માં નીચે મુજબ ના મોડ ઓફ ઓપરેશન **(Mode of Operation)** જ માન્ય ગણાશે અને જે ખાતું નીચે મુજબ ના મોડ ઓફ ઓપરેશન થી કાર્યરત હશે ફક્ત તે જ ખાતા ધારકો મોબાઈલ બેન્કિંગ સર્વિસ નો લાભ લઈ શકશે તથા મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન દ્વારા નાણાકીય વ્યવહાર **(Transaction)** કરી શકશે.

| ક્રમ નં. | કોડ | મોડ ઓફ ઓપરેશન |
|---|---|---|
| 1 | 001 | SELF |
| 2 | 002 | ANY ONE |
| 3 | 004 | ANYONE DIRECTOR |
| 4 | 005 | EITHER OR SURVIVOR |
| 5 | 012 | ANY ONE PARTNER |
| 6 | 013 | KARTA OF HUF |
| 7 | 021 | PROPRIETOR |

# લાભાર્થી ની માહિતી (Beneficiary Details)













ડેશ બોર્ડ માંથી લાભાર્થી **(Beneficiary)** ક્લિક કરવાથી મેનેજ લાભાર્થી **(Manage Beneficiary)** મેનુ ઓપન થશે. જેમાં એડ લાભાર્થી **(Add Beneficiary)** અને વ્યુ / મોડીફાય લાભાર્થી **(View/Modify Beneficiary)** ઓપ્શન જોવા મળશે. એડ લાભાર્થી **(Add Beneficiary)** ક્લિક કરવાથી ઉપર આપેલ સ્કિનશોટ્સ મુજબ તમારે લાભથી **(Beneficiary)** નાં એકાઉન્ટ્સ ની વિગતો એન્ટર કરવાની રહેશે.


બાજુમાં આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ લાભાર્થી નું નામ **(Beneficiary Name)**, લાભાર્થી નું ટૂંકું નામ **(Beneficiary Nick Name)**, મોબાઈલ નંબર, મેક્સિમમ ફંડ ટ્રાન્સફર લિમિટ **(Fund Transfer Limit)**, લાભાર્થી નો એકાઉન્ટ નંબર **(Beneficiary Account Number)** અને આઈ.એફ.એસ.સી.**(IFSC)** કોડ એન્ટર કરવાનો રહેશે. ત્યારબાદ ઈમેઈલ આઈડી અને મોબાઈલ નંબર એન્ટર કરવો કમ્પલસરી નથી. ત્યારબાદ સબમિટ બટન ક્લિક કરો. ત્યારબાદ તમારા રજીસ્ટર્ડ મોબાઈલ પર વેન ટાઈમ પાસવર્ડ **(OTP)** આવશે જેને એન્ટર કરી ને સબમિટ બટન ક્લિક કરવાનું રહેશે. સબમિટ કર્યા બાદ ટ્રાન્જેક્શન પિન **(Transaction Pin)** એન્ટર કરવાનો રહેશે. ત્યાર બાદ લાભાર્થી એડેડ **(Beneficiary Added) Successfully નીચે મુજબ** નો મેસેજ આવશે અને સદર Beneficiary ૩૦ મિનિટ પછી એક્ટિવ થશે અને ત્યારબાદ ફંડ ટ્રાન્સફર કરી શકશો.








# ફંડ ટ્રાન્સફર (Transaction)




ટ્રાન્જેકશન **(Transaction)** પર ક્લિક કરવાથી ઉપર આપેલ સ્કિનશોટ્સ મુજબ સિલેક્ટ ફંડ ટ્રાન્સફર માંથી વિધિન બેંક **(Within Bank)** અથવા અધર બેંક **(Other Bank)** સિલેક્ટ કરવાનું રહેશે. વિધિન બેંક **(Within Bank)** સિલેક્ટ કરવાથી આપને **Transfer Within** માંથી ઓવ્ન એકાઉન્ટસ **(Own Accounts)** અથવા થર્ડ પાર્ટી વિધિન બેંક **(Third Party Within Bank)** સિલેક્ટ કરવાનું રહેશે.

# ફંડ ટ્રાન્સફર લિમિટ


કાલુપુર બેંક મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન થી નીચે મુજબ નું ફંડ ટ્રાન્સફર કરી શકાશે.


| ❑ ચેનલ | ❑ ટાઈપ | ❑ કુલ વ્યવહારો (No. of Transaction Per Day) | ❑ લિમિટ (Per Day) | ❑ લિમિટ (Per Transaction) | ❑ Timing |
|---|---|---|---|---|---|
| Within Bank (કાલુપુર બેંક થી કાલુપર બેંક) | Own Accounts (પોતાના જ ખાતા માં) | 30 | Rs.9,99,99,999 | Rs.99,99,999 | 12:00 AM to 23:59 PM |
| | Third Party (કાલુપુર બેંક ના અન્ય ખાતા માં) | | | Rs.99,99,999 | 06:01 AM to 12:00 AM |
| | | | | Rs.10,00,000 | 12:01 AM to 06:00 AM |
| Other Bank (કાલુપુર બેંક થી અન્ય બેંક) | Third Party (IMPS/NEFT/RTGS) (કાલુપુર બેંક થી અન્ય બેંક ના ખાતા માં) | 20 | Rs.5,00,000 | Rs.5,00,000 | 06:01 AM to 12:00 AM |
| | | | | Rs.2,00,000 | 12:01 AM to 06:00 AM |

# Within Bank-ફંડ ટ્રાન્સફર

**Transfer Within** માંથી ઓવ્ન એકાઉન્ટસ **(Own Accounts)** સિલેક્ટ કર્યા પછી આપનું પોતાનું જ ખાતું **(Account)** સિલેક્ટ કરવાનું રહેશે. ત્યારબાદ **To Account** માં તમારા પોતાનો ખાતા નંબર **(Account No)** સિલેક્ટ કરવાનો રહેશે. ત્યારબાદ ટ્રાન્જેક્શન એમાઉન્ટ **(Transaction Amount)** અને રિમાર્કસ પસંદ કર્યા પછી ઉપર આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ આપને ટ્રાન્જેક્શન પિન **(Transaction Pin)** એન્ટર કરવાનો રહેશે. ત્યારબાદ એપ્લિકેશન દ્વારા ટ્રાન્જેક્શન ને પ્રોસેસ કરવામાં આવશે અને ટ્રાન્જેક્શન સક્સેસફુલી સબમિટેડ **(Transaction Submitted Successfully)** નો સ્કિન પર મેસેજ આવશે. આવી જ રીતે તમારે જો કાલુપર બેંક નાં બીજા કોઈ ખાતા ધારક **(Account Holder)** ને ફંડ ટ્રાન્સફર કરવું હોય તો **Third Party Within Bank** મેનુ સિલેક્ટ કરી આપેલ સ્કિનશોટ્સ મુજબ ટ્રાન્જેક્શન ની વિગત અને **Transaction Pin** એન્ટર કરી ને ટ્રાન્જેક્શન પૂર્ણ કરવાનો રહેશે.


- ❑ **નોંધ : Within Bank ફેસેલિટી થી ફક્ત કાલુપુર બેંક ના પોતાના જ ખાતા માં અથવા કાલુપુર બેંક ના અન્ય ખાતાઓ માં જ ફંડ ટ્રાન્સફર કરી શકાશે.**





# Other Bank-ફંડ ટ્રાન્સફર


**Transaction** મેનુ માંથી **Select Transfer** માંથી Other Bank સિલેક્ટ કર્યા બાદ ટ્રાન્જેક્શન ટાઈપ **(Transaction Type)** જેવી કે **NEFT, RTGS** અથવા **IMPS** સિલેક્ટ કરવાનું રહેશે.








**Transaction** મેનુ માં **Select Transfer** માંથી **Other Bank** સિલેક્ટ કર્યા બાદ ટ્રાન્જેક્શન ટાઈપ **(Transaction Type)** જેવી કે **NEFT, RTGS** અથવા **IMPS** સિલેક્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તમારે જે એકાઉન્ટ માંથી ફંડ ટ્રાન્સફર (ડેબિટ) કરવાનુ છે તે એકાઉન્ટ સિલેક્ટ કરવું અને બીજી બેંક નાં જે એકાઉન્ટ માં ફંડ ટ્રાન્સફર કરવાનું છે તે એકાઉન્ટ સિલેક્ટ કરવાનું રહેશે. ત્યારબાદ ટ્રાન્જેક્શન એમાઉન્ટ **(Transaction Amount)** અને રિમાર્કસ એન્ટર કરી આપેલ સ્કિનશોટ્સ મુજબ નો ટ્રાન્જેક્શન પિન **(Transaction Pin)** એન્ટર કરવાનો રહેશે. ટ્રાન્જેક્શન પિન **(Transaction Pin)** એન્ટર કર્યા પછી એપ્લિકેશન દ્વારા ટ્રાન્જેક્શન ને પ્રોસેસ કરવામાં આવશે અને ટ્રાન્જેક્શન સક્સેસફુલી સબમિટેડ **(Transaction Submitted Successfully)** નો સ્કિન પર મેસેજ આવશે.




# અસબા-ASBA Service




મોબાઈલ એપ્લિકેશનથી **IPO** એપ્લાય કરવા માટે **ASBA** લાભાર્થીનું ફોર્મ આપ બ્રાન્ચ અથવા બેંક ની વેબસાઈટ પરથી મેળવી શકશો. લાભાર્થી એડ થયા પછી તમે મોબાઈલ એપ્લિકેશનથી **IPO** એપ્લાય કરી શકશો. **IPO** એપ્લાય કરવા માટે **ASBA** મેનુ પર ક્લિક કરો. **Apply For IPO (IPO** માટે અરજી કરો) ઓપ્શન સિલેક્ટ કરો, તમારો ખાતા નંબર સિલેક્ટ કરો, **IPO** સિલેક્ટ કરો, લાભાર્થી સિલેક્ટ કરો, **SHARE** ની સંખ્યા એડ કરો. **Transaction** પાસવર્ડ એન્ટર કરો અને સબમિટ બટન પર ક્લિક કરો. **ASBA** લાભાર્થીનું ફોર્મ ડાઉનલોડ કરવા અહીંયા ક્લિક કરો Click Here.

# સર્વિસીસ (Services)

સર્વિસ પર ક્લિક કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ નીચે મુજબ ની સર્વિસીસ નું લિસ્ટ જોવા મળશે.


**1. બ્રાન્ચ / ATM Locator**

**2. ચેકબુક રિક્વેસ્ટ સર્વિસ (Chequebook Request)**


**3. ઈ.એમ.આઈ. કેલ્ક્યુલેટર (EMI Calculator)**


**4. એ.ટી.એમ કાર્ડ બ્લોક / અનબ્લોક (ATM Card Block/Unblock)**


**5. એ.ટી.એમ કાર્ડ લિમિટ / ચેનલ સેટિંગ (ATM Card Limit/Channel Setting)**




# 1. બ્રાન્ચ / ATM Locator
















**Branch Locator** ક્લિક કરવાથી રાજ્ય અને શહેર **(State and City)** પસંદ કર્યા પછી ઉપર આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ શાખા **(Branch)** નું લિસ્ટ એડ્રેસ,ઈમેઈલ આઈ.ડી **(Email Id)** તથા આઈ.એફ.એસ.સી. **(IFSC)** કોડ  સાથે જોવા મળશે. **ATM Locator** સિલેક્ટ કર્યા પછી તમારે એરિયા સિલેક્ટ કરવાનો રહેશે. ત્યારબાદ શાખા **(Branch)** ની વિગત એડ્રેસ,ઈમેઈલ આઈ.ડી **(Email Id)** તથા આઈ.એફ.એસ.સી. **(IFSC)** કોડ  સાથે જોવા મળશે.

# 2. ચેક બુક (Chequebook Request)








ચેક બુક રિક્વેસ્ટ સર્વિસ પર ક્લિક કરવાથી ઉપર આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ તમારો એકાઉન્ટ નંબર પસંદ કરી સબમિટ બટન ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ આપનો ટ્રાન્જેક્શન પિન **(Transaction Pin)** એન્ટર કર્યા બાદ સબમિટ કરવાનું રહેશે. સબમિટ કર્યા બાદ ઉપર આપેલ સ્ક્રિનશોટ મુજબ ચેક બુક રિક્વેસ્ટ સક્સેસફુલી સબમિટ થઈ ગઈ છે તેવો મેસેજ જોવા મળશે. ચેકબુક ને તમારા રજીસ્ટર્ડ પોસ્ટ એડ્રેસ પર કુરિયર/પોસ્ટ ધ્વારા મોકલવામાં આવશે અને જો ચેકબુક રિટર્ન થશે તો સદર ચેકબુક તમારે તમારી એકાઉન્ટ બ્રાન્ચ માંથી મેળવવાની રહેશે.


# 3. ઈ.એમ.આઈ. (EMI Calculator)

ઈ.એમ.આઈ. **(EMI Calculator)** ઓપન કર્યા બાદ બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ તમારે લોન એમાઉન્ટ **(Loan Amount)**, ઈંટ્રેસ્ટ રેટ **(Interest Rate)** તથા લોન ટર્મ **(Monthly)** પસંદ કરવાથી મંથલી ઈ.એમ.આઈ. **(Monthly EMI)** નાં કોલમ માં ઓટો ઈ.એમ.આઈ. કેલ્ક્યુલેટ થયેલ દેખાશે.



# 4. એટીએમ કાર્ડ બ્લોક / અનબ્લોક (ATM Card Block/Unblock)

એટીએમ કાર્ડ બ્લોક / અનબ્લોક **(ATM Card Block/Unblock)** કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ તમારે પોતાનો એકાઉન્ટ નંબર સિલેક્ટ કરી, **ATM Card** નું લિસ્ટ દેખાશે અને સદર **ATM Card** નંબર સિલેક્ટ કર્યાબાદ કાર્ડ બ્લોક ટાઈપ **(Card Block Type)** માંથી પરમેનન્ટ **(Permanent)** અથવા ટેમ્પરરી **(Temporary)** સિલેક્ટ કરાવથી સદર એટીએમ કાર્ડ બ્લોક થઇ જશે.




❑ **નોંધ :**

ટેમ્પરરી **(Temporary)** બ્લોક કરેલ **ATM** કાર્ડ અનબ્લોક થઇ શકશે પરંતુ પરમેનન્ટ **(Permanent)** બ્લોક કરેલ **ATM** કાર્ડ અનબ્લોક થઇ શકશે નહિ જેની ખાસ નોંધ લેશો.


# 5. એ.ટી.એમ કાર્ડ લિમિટ / ચેનલ સેટિંગ (ATM Card Limit/Channel Setting)

એ.ટી.એમ કાર્ડ લિમિટ / ચેનલ સેટિંગ **(ATM Card Limit/Channel Setting)** કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ **ATM Card** નું લિસ્ટ દેખાશે અને સદર ખાતા સાથે લિંક એ.ટી.એમ. કાર્ડ ની ચેનલ સેટિંગ સ્ક્રિન જોવા મળશે. જેમાં તમે **ATM Withdrawal On/Off** અને તેની લિમિટ માં પણ બેંકે નક્કી કરેલ લિમિટ માં વધારો ઘટાડો મેક્સિમમ લિમિટ **(Max Limit)** મુજબ કરી શકશો. **POS** સર્વિસ ને પણ **On/Off** કરી શકશો અને બેંકે નક્કી કરેલ લિમિટ માં વધારો ઘટાડો મેક્સિમમ લિમિટ **(Max Limit)** મર્યાદા માં રહી ને તે મુજબ કરી શકશો. **E-commerce** સર્વિસ ને પણ **On/Off** કરી શકશો અને બેંકે નક્કી કરેલ લિમિટ માં વધારો ઘટાડો મેક્સિમમ લિમિટ **(Max Limit)** મર્યાદા માં રહી ને તે મુજબ કરી શકશો.

- **વધુ માં વધુ (Maximum) નીચે મુજબ ATM card ની ચેનલ લિમિટ સેટ કરી શકાશે.**

| Facilities | Classic Card | Platinum Card |
|---|---|---|
| POS | Rs.1,00,000/-(Per Day) | Rs.1,25,000/-(Per Day) |
| E-commerce | Rs.1,00,000/-(Per Day) | Rs.1,25,000/-(Per Day) |

| Withdrawal Limits | Classic Card | Platinum Card |
|---|---|---|
| Own Bank's ATM | Rs.50,000/-(Per Day) | Rs.1,00,000/-(Per Day) |
| Other Bank's ATM | Rs.30,000/-(Per Day) | Rs.30,000/-(Per Day) |




# સ્માર્ટ સ્ટેટમેન્ટ (Smart Statement)

સ્માર્ટ સ્ટેટમેન્ટ **(Smart સ્ટેટમેન્ટ)** સર્વિસ સિલેક્ટ કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ મુજબ તમારે સ્ટેટમેન્ટ ની **From Date** અને **To Date** આપવાની રહેશે.

તમારા કસ્ટમર આઈડી (CIF) થી જોડાયેલા દરેક ખાતાઓનું એક જ સ્ટેટમેન્ટ તૈયાર થઇ આપને PDF ફાઈલ રજીસ્ટર્ડ ઈમેઈલ આઈ.ડી. **(Email ID)** પર મોકલવમાં આવશે. આ **PDF** ફાઈલ પાસવર્ડ પ્રોટેક્ટેડ રહેશે અને તમારો પાન નંબર **(PAN)** પાસવર્ડ રહેશે.

❑ **નોંધ :**


સ્માર્ટ સ્ટેટમેન્ટ ફક્ત **એક જ મહિના** નું એલાઉ છે અથવા ટોટલ ૧૦૦ ટ્રાન્જેક્શન નું જ જનરેટ થશે. તમે ફક્ત એક જ મહિના ની **From Date** અને **To Date** સિલેક્ટ કરી શકશો અથવા ટોટલ ૧૦૦ ટ્રાન્જેક્શન નું જ સ્ટેટમેન્ટ જનરેટ થઈ ને આપના રજીસ્ટર્ડ ઈમેઈલ આઈ.ડી **(Email ID)** પર મોકલવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.




# Settings

**Setting** પર ક્લિક કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ નીચે મુજબ ની સર્વિસીસ નું લિસ્ટ જોવા મળશે.

- ❑ **Change Language**
- ❑ **Change Login PIN**
- ❑ **Change Transaction PIN**
- ❑ **Forgot Transaction PIN**
- ❑ **Change Security Questions**



# Settings





ઉપર આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ તમે **Login PIN, Transaction PIN**, ટ્રાન્જેકશન પિન ભૂલી ગયા હોય તો **Forgot Transaction PIN** પર ક્લિક કરી તેને બદલી પણ શકશો, સાથે તમે રજીસ્ટ્રેશન વખતે આપેલ સિક્યુરિટી પ્રશ્નો નાં જવાબ પણ બદલી શકશો.


# Scan & Pay

**Scan & Pay** મેનુ ક્લિક કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ્સ મુજબ **Generate Personal QR** અને **Scan QR** ઓપ્શન જોવા મળશે.

ત્યારબાદ **Generate Personal QR** મેનુ ક્લિક કરવાથી **From Account** અને **Amount** એન્ટર કરવાના રહેશે અને **QR** જનરેટ થઇ જશે જેને સ્કેન કરી કાલુપુર બેંક નાં બીજા ખાતેદારો કે જેવો કાલુપુર મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન માં રજીસ્ટર્ડ હશે અને એકટીવ મેમ્બર હશે તેઓ તેટલી રકમ નું તમારા ખાતા માં ફંડ ટ્રાન્સફર કરી શકશે.

**Scan QR** મેનુ ક્લિક કરવાથી તમે કાલુપુર બેંક નાં બીજા ખાતેદારે જનરેટ કરેલ **QR** સ્કેન કરી ને તેમના ખાતા માં તેટલી રકમ ને ટ્રાન્સફર કરી શકશો.




❑ **નોંધ :**

સદર **QR** મેનુ સ્કેન ફેસિલિટી થી ફક્ત કાલુપુર બેંક થી કાલુપુર બેંક નાં ખાતા માં જ ફંડ ટ્રાન્સફર કરી શકાશે

# શું કરવું , શું ન કરવું (Do's and Don'ts)

| ❑ શું કરવું (Do's) | ❑ શું ન કરવું (Don'ts) |
|---|---|
| ✓ Keep your password strong and complex | • Do not share banking passwords, OTP, KYC details, ATM/debit card details like PIN, card expiry, CVV number etc. with anyone |
| ✓ Always look for https and padlock symbol for website in address bar | • Do not open attachment or hyperlink given in unsolicited emails/SMS |
| ✓ Cover pin pad with other hand while entering ATM card PIN | • Do not initiate transaction from public computers and unsecure Wi-Fi connections |
| ✓ Keep your system/device updated with licensed antivirus tool and scan it regularly | • Do not install any application from untrusted sources |
| ✓ Check bank account statement regularly | • Do not handover your ATM/debit card to person trying to help you withdrawing money |
| ✓ Register your mobile number with bank account to receive transaction alerts | • Do not provide access of your system/device to any unknown person through remote admin tool |
| ✓ Keep your system/device updated with security updates | • Do not download any unknown app on your phone / device. The app may access your confidential data secretly. |
| ✓ Use two-factor authentication (username, password and OTP) for email ID register with bank account | • Do not have common passwords for Mobile Banking, E-commerce / Internet Banking and your bank account / email linked to your bank account. |


**The Kalupur Commercial Co-op. Bank Ltd.**
SINCE : 1970
Multi State Scheduled Bank

# સંવેદનશીલ ડેટા/માહિતી કાળજીપૂર્વક સંભાળો



સત્તાવાર/બેંક ફાઇલનું ફોર્મેટ (દા.ત. pdf to excel, excel to pdf ) /size બદલવા માટે **ઓનલાઇન કન્વર્ટર/** compress tool (દા.ત. odttopdf.com, GoNitro.com, ilovepdf.com, smallpdf.com અથવા અન્ય કોઇ) **નો ઉપયોગ કરશો નહીં**

ઘરેથી કામ કરવા માટે અથવા અન્ય કોઇ હેતુ માટે વ્યક્તિગત ઇમેઇલ આઇડી પર સત્તાવાર/ **બેંકનો ડેટા મોકલશો નહીં.**





**બેંકનું સત્તાવાર ઇમેઇલ સરનામું** અનિચ્છનીય/ બિનસત્તાવાર પોર્ટલ પર **રજીસ્ટ્રેશન/ સબ્સ્કાઇબ / સાઇન ઈન કરશો નહીં**

જેમ કે જસ્ટ ડાયલ/ sulkekha.com, લિન્કડિન, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ વગેરે જેવી સોશિયલ મીડિયા સાઇટ્સ, ડોમિનોઝ, જોબ પોર્ટલ, મનીકન્ટ્રોલ.કોમ, ફૂડ/ગ્રોસરી ડિલિવરી એપ્સ, શેર/ ટ્રેડિંગ પ્લેટફોર્મ, ઓનલાઈન શોપિંગ, ઓનલાઈન વેચાણ, ઘરગથ્થુ અથવા અન્ય પ્રોપર્ટી વેચાણ/ ખરીદી એપ/ પોર્ટલ

બાહ્ય વ્યક્તિ/ એજન્સીઓને **સંવેદનશીલ ડેટા શેર કરશો નહીં.**



# સંપર્ક (Contact us)

❖ સંપર્ક **(Contact us)** કરવાથી બાજુમાં આપેલ સ્ક્રિનશોટ તથા નીચે આપેલ માહિતી મુજબ તમને બેંક ની હેડઓફિસ નું એડ્રેસ, કોન્ટેક્ટ નંબર્સ, બેંક ની વિવિધ સર્વિસીસ નાં ઈમેઈલ આઈ.ડી **(Email ID)** જોવા મળશે.

- ❑ **WhatsApp Banking ઈનક્વાયરી નંબર :**

  WhatsApp **9925228660**

- ❑ **હેલ્પડેસ્ક (Helpdesk) ઈનક્વાયરી નંબર :**


  **079-66215894/95/96**

- ❑ **Internet / Mobile Banking Helpdesk**

  **Email ID: helpdesk@kalupurbank.com**

- ❑ **ATM Services Helpdesk**

  **Email ID: atm@kalupurbank.com**



# The Kalupur Commercial Co-op. Bank Ltd.

SINCE : 1970

Multi State Scheduled Bank

## ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

---

વધુ માહિતી માટે બેંકની નજીકની શાખાનો સંપર્ક કરવા વિનંતી.

- ટોલ ફ્રી નઃ 1800 233 99999
- Website : www.kalupurbank.com

---

- હેડ ઓફિસ :

“કાલુપુર બેંક ભવન”, ઈન્કમટેક્ષ સર્કલ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬

- E-mail : info@kalupurbank.com

---

Thank You